# બિનસરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સરાસરી હાજરીમાં પડતી તૂટ માફ કરવા બાબત.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૯૫–૧૮૮૫–ગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫–૮–૧૯૯૫

**વંચાણે લીધો:** ૧. શિક્ષણ વિભાગનો તા. ૫–૧–૮૮ નો ઠરાવ ક્રમાંક :

બમશ–૧૧૮૬–૫૫૯–ગ

ઠરાવ :–

આમુખમાં દર્શાવેલ ઠરાવથી રાજયની બિનસરકારી માધ્યમિક// ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કિસ્સામાં ૧૦ (દસ) સુધીની સરેરાશ હાજરીની તૂટ માફ કરવાની સતા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીને આપવામાં આવેલ છે. તાજેતરમાં ખોટા વિદ્યાર્થીઓ અને ખોટા વર્ગો ઝુંબેશ આવા વિદ્યાર્થીઓની સંખ્યા અંગે ગ્રાન્ટપાત્રના માટે ઓછામાં ઓછી સરાસરી હાજરી અંગે પ્રશ્ન ઉપસ્થિત થાય અને તૂટ તડે તો પૂરતા રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓ ઉપલબ્ધ ન હોય તો પણ કમિશ્નરની તેંની કક્ષાએ પૂરતી ચકાસણી કરી વર્ગો ઘટતાં ઘટતાં જે છેલ્લો વર્ગ રહે તે વર્ગમાં ૧૦(દસ) વિદ્યાર્થીઓ સુધીની તૂટ માફ કરવાની સતા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની રહેશે એટલે અંશે ગ્રાન્ટ ઈન એઈડ કોડનો નિયમ– ૯૬ સુધારેલ ગણવાનો રહેશે.

ગુજરાતમાં રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, અશ્વિન ભાવસાર
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ.